શતાબ્દીનો સૂરઃ ‘ધ ન્યૂ યોર્કર’ના તથ્યનિષ્ઠ પત્રકારત્વની શાનદાર વિરાસત

આજે ‘દસ મિનીટના ડિજિટલ વાંચન’ની દુનિયામાં, એક પ્રિન્ટેડ પત્રિકા તેનાં અસ્તિત્વનાં 100 વર્ષ પૂરાં કરે તે સાચે જ એક સેલિબ્રેશનનો અવસર કહેવાય; ભલે તે પત્રિકા વિદેશની હોય અને ભલે તે પત્રિકા ‘ચટપટુ’ વાંચન પીરસતી ન હોય.

ન્યૂયોર્ક શહેરમાંથી પ્રગટ થતું ‘ધ ન્યૂ યોર્કર’ નામનું સાપ્તાહિક માત્ર અમેરિકાનોનું જ લાડકું નથી; તે દુનિયાભરમાં ગંભીર વાચકોનું પસંદીદા છે. આ એક એવી ક્રાંતિકારી પત્રિકા છે જેણે આલોચનાત્મક પત્રકારત્વ, સાહિત્યિક ગહનતા, રાજનૈતિક વિશ્લેષણ અને સાંસ્કૃતિક વિવેચનાને એક ધાગામાં પરોવીને વિશ્વભરના વાંચકના મન પર અમિટ છાપ છોડી છે.

આ ‘ધ ન્યૂ યોર્કર’ આ વર્ષે 100 પૂરાં કરી રહ્યું છે. અને તે નિમિત્તે નેટફ્લિક્સ પર The New Yorker at 100 નામની એક સુંદર ડોક્યૂમેન્ટરી રિલીઝ થઇ છે જે જોવા જેવી છે. ડોક્યૂમેન્ટરી માત્ર મેગેઝિનની કહાની જ નથી, પરંતુ ટેક્નોલોજીના જમાનામાં આધુનિક મીડિયાની પરિસ્થિતિ, ફેક ન્યુઝના સંકટ અને સચ્ચાઈની તપાસ કરવાની આવશ્યકતાનું પ્રતિબિંબ પણ છે.

‘ધ ન્યૂ યોર્કર’ની શરૂઆત 21 ફેબ્રુઆરી, 1925ના રોજ થઇ હતી અને ત્યારથી આ મેગેઝિન ન્યૂયોર્ક શહેર અને બહારના વિચારો, સંસ્કૃતિ, રાજકારણ અને સમાજના મહત્વપૂર્ણ વિષયોને લગતી ઊંડાણપૂર્વક સંશોધિત સ્ટોરીઓ પ્રકાશિત કરતી આવી છે. તેનું સ્વરૂપ સમય સાથે વિકસ્યું છે, પરંતુ તેની મૂળ પ્રતિબદ્ધતા આજે પણ યથાવત છે- ગહન સંશોધન, વિગતપૂર્વક થયેલું રિપોર્ટિંગ અને સાહિત્યિક ઉત્કૃષ્ટતા. કેટલાં મેગેઝિન આજે આવો દાવો કરી શકે છે?

આ ડોક્યૂમેન્ટરી ‘ન્યૂ યોર્કર’ની 100મી વર્ષગાંઠના અંક પર આધારિત છે; ખાસ કરીને તે તમને એ માહોલમાં લઇ જાય છે જ્યાં વિશેષ અંક માટે તૈયારીઓ ચાલી રહી હતી- ન્યુઝરૂમના તનાવ વચ્ચે લેખકો, સંપાદકો, ફેક્ટ-ચેકર્સ અને કવર ડિઝાઈનર્સ વચ્ચે ચાલતી મીટિંગ્સનું જીવંત રેકોર્ડીંગ કોઇપણ પત્રકાર માટે લલચાવનારૂ છે.

આ ફિલ્મ ધ ‘ન્યૂ યોર્કર’ના ઇતિહાસની સંક્ષિપ્ત પરંતુ ગંભીર ઝલક રજૂ કરે છે, જેમાં મેગેઝિનના અતિશય મહત્વપૂર્ણ યોગદાનને સમજાવવામાં આવ્યું છે- જેમ કે જૉન હર્શી નામના પત્રકારે હિરોશિમા પર લખેલા વિગતવાર રિપોર્ટસ, જેણે યુદ્ધની ભયાનકતા વિશ્વ સમક્ષ મૂકી હતી, અથવા જેમ્સ બેલ્ડવિન નામના જાણીતા લેખકના નિબંધો, જેણે જાતિવાદ અને સામાજિક વિભાજન પર મહત્વપૂર્ણ ચર્ચા શરૂ કરી. આ બધું આ ફિલ્મમાં એવી રીતે સમાવવામાં આવ્યું છે જાણે કે મેગેઝિને તેના પ્રથમ દાયકાની હળવી-મનોરંજક સામગ્રીમાંથી નીકળીને વૈશ્વિક ઘટનાઓને ગંભીરતાપૂર્વક જોતા પત્રકારત્વના માર્ગ પર ડગલાં માંડ્યા હતાં.

આ ડોક્યુમેન્ટરી એવા સમયે આવી છે જ્યારે પરંપરાગત પ્રિન્ટ મીડિયા સંકટમાં છે- ડિજિટલ ટેક્નોલોજી, સોશિયલ મીડિયા, ફેક ન્યુઝ અને ‘ફટાફટ વાંચન’ની માંગના યુગમાં વાચકોની અપેક્ષાઓ બદલાઈ રહી છે. આ ડોક્યુમેન્ટરી બદલાતા પરિપ્રેક્ષ્યો વચ્ચે પણ પ્રશ્ન ઉઠાવે છે કે ગંભીર, વિચારશીલ પત્રકારિતાની જરૂરિયાત આજે પણ કેમ છે. ફિલ્મમાં બતાવવામાં આવ્યું છે કે ‘ધ ન્યૂ યોર્કર’ના પત્રકારો, સંપાદકો અને ફેક્ટ-ચેકર્સે કેવી રીતે તેમની પ્રતિબદ્ધ નિભાવી છે, કઠીન વિષયોને પ્રકાશમાં લાવ્યા અને પોતાના વાચકોનો વિશ્વાસ જાળવી રાખ્યો.

પત્રિકાના વર્તમાન સંપાદક ડેવિડ રેમનિક પણ આ વાતને ભારપૂર્વક દોહરાવે છે. ‘ધ ન્યૂ યોર્કર’નું પત્રકારત્વ આજે પણ કેમ મહત્વપૂર્ણ છે તે સમજાવતાં તેઓ કહે છે, ‘ધ ન્યૂ યોર્કર પાસેથી મારી બે મોટી અપેક્ષા છે- હું ઈચ્છું છું તે શ્રેષ્ઠ જ હોવું જોઈએ અને હું ઈચ્છું છું કે તે માનવતાવાદી હોવું જોઈએ.” આ વાક્ય સીધે-સીધે તેમની સંપાદકીય પ્રાથમિકતાઓ દર્શાવે છે કે ગુણવત્તા અને માનવતાનો સ્પર્શ આ મેગેઝિનની મૂળ વિશેષતાઓ રહી છે અને રહેશે.

ફાયરવોલ
રાજ ગોસ્વામી

રેમનિકે એ પણ જણાવ્યું છે કે ‘ધ ન્યૂ યોર્કર’ની એક ઐતિહાસિક પ્રતિષ્ઠા હોવા છતાં, આજની ઝડપથી બદલાતી ડિજિટલ મીડિયા દુનિયામાં પણ તેની ભૂમિકા કાયમ રહે છે.

મેગેઝિનનાં વિશિષ્ટ ઈલસ્ટ્રેટેડ કવર હજુ પણ સામાજિક પ્રતિકોને સશક્ત રીતે પ્રતિબિંબિત કરે છે, અને તેનો પ્રભાવ ઊંડો અને ટકાઉ હોય છે.

દર્શકોને આ ડોક્યુમેન્ટરી એટલા માટે પણ મહત્વપૂર્ણ લાગશે કારણ કે તે મીડિયાની બદલાતી દુનિયામાં પરંપરાગત પત્રકારત્વની અગત્યતા પર વિચાર કરવાનો અવસર આપે છે. આજે જ્યારે ‘ફેક ન્યૂઝ’, ‘તથ્ય-સંદર્ભની કમી’ અને ‘ફટાફટ પ્રતિસાદ’ જેવા શબ્દો સમાચાર ઉદ્યોગમાં સામાન્ય બની રહ્યા છે, ‘ધ ન્યૂ યોર્કર’ જણાવે છે કે ઊંડાણપૂર્વક, સંશોધન આધારિત, સુસંગત પત્રકારત્વની જરૂરિયાત આજે પણ એટલી જ છે જેટલી વીસમી સદીમાં હતી. ડોક્યુમેન્ટરી દ્વારા શ્રેષ્ઠ સ્તરના રિપોર્ટિંગ, સંપાદન અને પ્રકાશનની પરંપરાનું સન્માન કરવામાં આવ્યું છે અને દર્શાવવામાં આવ્યું છે કે ‘ધ ન્યૂ યોર્કર’તેની અનોખી અવાજ માટે કેમ સન્માનીય અને યાદગાર છે.

એટલા માટે, આ ડોક્યુમેન્ટરી માત્ર ‘ધ ન્યૂ યોર્કર’ અથવા માત્ર પત્રકારત્વની જ કહાની નથી, તે વર્તમાન સમયના વિચારો, મતભેદો, સચ્ચાઈ અને માહિતીની ભૂમિકાની ઊંડી પરખ છે. તે મીડિયાના ભવિષ્ય વિશે પ્રશ્નો ઊભા કરે છે અને એક પ્રતિષ્ઠિત સંસ્થાના ઇતિહાસ, તેની પેઢી અને તેની અસામાન્ય શૈલીની અસરકારક ઝલક પ્રદાન કરે છે. આ સો વર્ષ જૂની પરંપરાને સમજવા માટે ‘The New Yorker at 100’ ડોક્યુમેન્ટરી જોવી તે આજના દરેક ગંભીર વાચક, પત્રકારત્વના વિદ્યાર્થી અને સમાજના વિચારક માટે જરૂરી છે.

‘ધ ન્યૂ યોર્કર’ની 100 વર્ષની અણનમ યાત્રા શીખવે છે

ભારતમાં જ્યાં ટેલિવિઝન ચર્ચાઓ અને સોશ્યલ મીડિયા ઘણીવાર ઘોંઘાટ, હઠ અને ધ્રુવીકરણથી ભરેલાં હોય છે, ત્યાં આ મેગેઝિન યાદ અપાવે છે કે સમય લઈને લખાયેલું, પરિસ્થિતિ સાથે જોડાયેલું અને સંશોધન આધારિત લેખન વાચકને વધુ શક્તિશાળી બનાવે છે

કે દરેક ઘટનામાં તાબડતોબ પ્રતિક્રિયા આપવી જરૂરી નથી. ભારતમાં જ્યાં ટેલિવિઝન ચર્ચાઓ અને સોશિયલ મીડિયા ઘણીવાર ઘોંઘાટ, હઠ અને ધ્રુવીકરણથી ભરેલાં હોય છે, ત્યાં આ મેગેઝિન યાદ અપાવે છે કે સમય લઈને લખાયેલું, પરિસ્થિતિ સાથે જોડાયેલું અને સંશોધન આધારિત લેખન વાચકને વધુ શક્તિશાળી બનાવે છે.

‘ધ ન્યૂ યોર્કર’માં ફેક્ટ-ચેકિંગ ઔપચારિકતા નથી, પરંતુ પત્રકારિતાની આત્મા છે. ભારતીય વાચકો, જે રોજ અફવાઓ, અધૂરી માહિતીઓ અને ભાવનાત્મક દાવાઓથી ઘેરાયેલા હોય છે, આ પત્રિકા પાસેથી શીખી શકે છે કે સત્ય સુધી પહોંચવું મહેનત માંગે છે અને બિનપ્રમાણિત વાત માત્ર મંતવ્ય હોઈ શકે છે, પત્રકારિતા નહીં.

આ મેગેઝિન સત્તા, યુદ્ધ, રાજકારણ અને સામાજિક અન્યાય વિશે લખતી વખતે પણ સાધારણ માણસને કેન્દ્રમાં રાખે છે.

ભારતીય સંદર્ભમાં- જ્યાં જાતિની વાત હોય, ધર્મના મુદ્દા હોય કે શહેરી-ગ્રામીણ અસમાનતા હોય- આ પત્રિકાનો આ દૃષ્ટિકોણ બતાવે છે કે આંકડા અને નારાઓથી આગળ જઈને માનવ અનુભવને સમજવું કેમ જરૂરી છે.

અંતતઃ ‘ધ ન્યૂ યોર્કર’ભારતીય વાચકને સમજ આપે છે કે પત્રકારત્વનું કામ માત્ર માહિતી આપવાનું નથી, તે સમયનો દસ્તાવેજ પણ બનાવે છે. આજે જે લખાય છે, તે જ કાલે ઈતિહાસ બનશે.

આ દૃષ્ટિકોણથી આ પત્રિકા એક આયનો છે- એ દેખાડવા માટે કે જો મીડિયા ઈમાનદાર, ધૈર્યવાન અને સમાજસેવી હોય, તો તે સમાજને કેટલો મજબૂત બનાવી શકે છે. આ ડોકયુમેન્ટરી જોયા પછી એક વાત સમજાઈ; ઘોંઘાટથી ભરેલા સમયમાં પણ વિચાર માટેની જગ્યાને બચાવી શકાય છે.●

(વજન)કાંટા લગા..

કોઈ પણ સમસ્યાની જેમ વધેલું વજન ઉતારવા માટેનું પહેલું પગથીયું, વધેલા વજનના સ્વીકારમાં છે. ઘણા લોકો તે બાબતે બીજાને અને ખાસ તો જાતને છેતરવામાં રાચે છે. કોઈ સહેજ ટકોર કરે કે તરત તે કહેશે, ‘ના રે, મારું તો સિમેટ્રિકલ બોડી છે.’ સામેવાળી વ્યક્તિ કહે કે ‘હું તમારું બોડી શેમિંગ નથી કરતી, ફક્ત તમારું ધ્યાન દોરું છું.’ તો તે કહેશે,‘વાંધો નહીં. પણ હું જે હકીકત છે એ કહું છું. મારું શરીર જરા સરખું છે. હકીકતમાં, મારો બાંધો એવો છે.’ ક્યારેક આ બધી દલીલોને બદલે તે એક જ નિવેદન આપીને ચર્ચાનો અંત આણી દે છે, ‘મારું વજન પહેલેથી આટલું જ છે. એ મને ખબર હોય કે તમને?’ જમણા પગમાં દુઃખાવો હોવા છતાં ડાબા પગે ઓપરેશન શરૂ કરતા ડોક્ટર છાંછિયું કરીને ‘ડોક્ટર હું છું કે તમે?’ પૂછે, એવી આ વાત છે.

તેમ છતાં, કોઈ એક ચોઘડિયે વજન વધ્યાની વાત જોર પકડે, એટલે સૌથી પહેલાં ‘વિવાદાસ્પદ માળખા’નું સાચું વજન, અને ખાસ તો, તેમાં થઈ રહેલી વૃદ્ધિ માપવા માટે વજનકાંટો ખરીદવાનો નિર્ણય લેવાય છે. મૂળ યોજના તો દર અમુક દિવસે ઓળખીતા ડોક્ટરને ત્યાં જઈને વજન કરવાની હોય છે, પણ તેમાં નિયમિતતા જળવાતી ન હોવાથી, ચાઈનીઝ બનાવટના વજનકાંટાનું બજેટ મંજૂર કરવામાં આવે છે અને એક દિવસ ઘરમાં નવા સભ્યનું આગમન થાય છે.

ગામમાં ચોમેર સ્વદેશીનાં હોર્ડિંગ લાગ્યાં હોય ત્યારે ઘરમાં ચાઈનીઝ વજનકાંટો આણવાથી દેશદ્રોહ તો નહીં થાય? એવો વિચાર આવી જાય છે, પણ જીવનજરૂરી ન હોય એવી ચીજો પણ વિદેશી બનાવટની વાપરતા વડાપ્રધાનને જોઈને થોડું સાંત્વન મળે છે. વજનકાંટો ચાઈનીઝ હોવાથી, કેટલાક ચાઈનીઝ ભોજનપ્રેમી સભ્યો એવી આશા રાખે છે કે ખોખામાંથી કાંટાની સાથે સોયા સોસની એકાદ બોટલ પણ નીકળે તો સારું. પરંતુ તેમને સોસ નહીં, નિરાશા મળે છે. કેમ કે, વજનકાંટો આણવાનું અંતિમ પ્રયોજન ભોજનની માત્રા વધારવાનું નહીં, પણ ઘટાડવાનું હોય છે. વજનકાંટાને બેટરી નાખીને ચાલુ કર્યા પછી, પહેલી વાર વજનકાંટા પર ઊભા રહેવાની ક્ષણ ‘મોમેન્ટ ઓફ ટ્રુથ’-સચ્ચાઈનો સામનો કરવાની ક્ષણ હોય છે. દિલની ધડકન વધી જાય છે. ઈશ્વરમાં ન માનનારાના મનમાં પણ ઘડીક ઈશ્વરસ્મરણનો ઝબકારો આવી જાય છે. છેવટે, યાહોમ કરીને પડવાના જુસ્સા સાથે કાંટા પર ‘બડે અરમાન સે’ પહેલો પગ અને પછી બીજો પગ મુકવામાં આવે છે. તે સાથે જ કાંટો ધનુષ્યમાંથી છૂટેલા તીરની જેમ, શૂન્યના આંકડાથી અપાકર્ષણ અનુભવતો હોય તેમ, તેના સામા છેડે જઈને ઊભો રહે છે. વજન કરાવનાર અને આસપાસ ઊભેલાં કુટુંબીજનો ઉચ્ચકજીવે કાંટો ક્યાં જઈને ઠરે છે તેની રાહ જુએ છે. ઘણા ખરા કિસ્સામાં કાંટો અપેક્ષા કરતાં થોડે આગળ જ પહોંચ્યો હોય છે. એટલે, વજન કરાવનાર કાંટો તૈયાર કરનારની ઉલટતપાસ કરે છે. ‘તેં કેલિબરેશન તો કર્યું હતું ને? મારો પગ મુકાવતાં પહેલાં કાંટાને ઝીરો પર તો આવવા દીધો હતો ને? કાંટો ડીફેક્ટિવ-બગડેલો તો નહીં હોય ને?’ પરંતુ બધી શક્યતાઓને એક પછી એક નાબૂદ કર્યા પછી, કાંટાએ ચીંધેલું વજન, કોઈ ઋષિમુનિએ આપેલા શ્રાપની જેમ, ન છૂટકે સ્વીકારવું પડે છે.

બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વીશ કોઠારી

નામને સાર્થક કરતા કાંટાએ દર્શાવેલા વજનના આંકડાની અણી એવી ભોંકાય છે કે તેની અસર હેઠળ આકરા સંકલ્પ લેવાય છે. સૌથી પહેલાં, વજન પર ચાંપતી નજર રાખવા માટે રોજ વજન કરવાનું ઠરે છે, પણ પછી કોઈ સમજાવે છે કે મહિને એક વાર વજન કરવાનું પૂરતું છે, બાકીના દિવસોમાં યાદ રાખવાનું કે મહિને એક વાર વજનનો દિવસ આવવાનો છે.

એકાદ-બે મહિના આ રીતે વજન કર્યા પછી, ધીમે ધીમે વજન કરવાનો દિવસ કયામતના દિવસ જેવો લાગવા માંડે છે. વજન કરવાનું હોય તેના આગલા દિવસે ઉપવાસ કરીને કાંટાની સાન ઠેકાણે લાવવાનું મન થાય છે, પણ એવું શક્ય બનતું નથી. બીજા દિવસની સવાર પડે અને કાંટા પર વજન કરવાનું આવે, એટલે માણસ વિચારે છે કે કાંટાને શી રીતે મહાત કરવો? શરીરની અંદરનું વજન ઓછું કરવાના વિકલ્પે, તે એટલા સમય પૂરતું શરીરની ઉપર રહેલું વજન ઘટાડવાના પ્રયાસ કરે છે. શરીર જાણે ડૂબતી નાવ હોય એમ, તે ઓછુંવત્તું વજન ધરાવતી તમામ વસ્તુઓને ફગાવવા માંડે છે. જીન્સના પેન્ટને બદલે સુતરાઉ લેંઘો પહેરીને, ચશ્મા કાઢીને, પટ્ટો ઉતારીને, ભૂલથી ખિસ્સામાં પેન કે મોબાઈલ ન રહી જાય તેની ચીવટ રાખીને, તે કાંટાનું આરોહણ કરે છે. પરંતુ કાંટો પોતાની નિર્જીવતા પુરવાર કરતાં, અગાઉની એકેય ચેષ્ટાથી પ્રભાવિત થતો નથી અને વજનના અણગમતા આંકડે જઈને ઊભો રહે છે. આવું દરેક વખતે થતાં, વજન કરાવનાર કાંટાની બેવફાઈથી હતાશા અનુભવે છે અને વિચારે છે કે હવે આ કાંટાનો કાંટો શી રીતે કાઢવો? કાંટામાં કિલોગ્રામ ઉપરાંત બીજા એકમોમાં વજન માપવાનો વિકલ્પ હોય છે. છતાં, તેનાથી આશ્વાસન મળતું નથી. ભારતના નાગરિકો એવું પણ શોધી જુએ છે કે કાંટામાં ક્યાંય છૂપો સ્લોટ (ખાંચો) છે, જેમાંથી રૂપિયા અંદર સેરવીને કાંટા પાસેથી વજનનો ધાર્યો આંકડો મેળવી શકાય? પરંતુ જેમ કફનને ખિસ્સાં હોતાં નથી, તેમ કાંટાને ખાંચા હોતા નથી. એ ફક્ત કાંટાનું નહીં, વજનનું અને જીવનનું પણ સત્ય છે. તે કાંટા પાસેથી સમજવા મળે તો, ગમે તેટલા વાંધા છતાં, કાંટા માટે ખર્ચેલા રૂપિયા વસૂલ લાગે છે.●

શરીર જાણે ડૂબતી નાવ હોય એમ, તે ઓછુંવત્તું વજન ધરાવતી તમામ વસ્તુઓને ફગાવવા માંડે છે. જીન્સના પેન્ટને બદલે સુતરાઉ લેંઘો પહેરીને, ચશ્મા કાઢીને, પટ્ટો ઉતારીને, ભૂલથી ખિસ્સામાં પેન કે મોબાઇલ ન રહી જાય તેની ચીવટ રાખીને, તે કાંટાનું આરોહણ કરે છે

ઈશિતાનું અલકમલક

હથેળીમાં નસીબનાં સરવાળા - બાદબાકી...

મેહનત અને પ્રારબ્ધ એકમેક સાથે સંકળાયેલાં છે. ગમે તેટલી મહેનત કરો પણ જો તમારું નસીબ એને સાથ ન આપે તો તમને કોઈ પણ કાર્યમાં સફળતા ન મળે. બીજી તરફ તમે ભૂતકાળમાં ગમે તેટલા નસીબદાર સાબિત થયા હો પણ કોઈ ચોક્કસ કામમાં જોઈતી જહેમત ન કરો તો પણ સફળતા ન મળે. વડીલો -ખાસ કરીને જ્યોતિષી કહેતા હોય છે કે દરેકના હાથમાં કુદરતે એક યશરેખા દોરી હોય છે. એ યશરેખા અનુસાર તમને કોઈ કરવા ધારેલાં કામમાં સફળતા મળશે કે નહીં એ હાથની કોઈ ચોક્કસ રેખા ઉકેલીને જ્યોતિષી વરતારો કરે. કોઈ વિદ્યાર્થીનો હાથ જોઈને એ

કહી દે : ‘તારા નસીબમાં વિદ્યા નથી માટે નાહકનાં ચોપડાં ન ફાડ!’ તો કોઈને એમ પણ કહી દે કે ‘તારા હાથમાં લક્ષ્મીપતિ થવાની યશરેખા ગાયબ છે!’ તો કોઈ લગ્નોત્સુક કન્યા કે મુરતિયાને એમ પણ કહે: ‘યોગ્ય પાત્ર માટે ઝઝૂમવું પડશે!’ આવું બધું સાંભળીને કોઈ ધૂંધવાઈને વરતારા શાસ્ત્રીને કહી પણ દે: ‘તો મહારાજ, મારી હથેળીમાં કાપો મૂકીને એવી યશરેખા દોરી આપોને!’ જો કે બધા જાણે છે કે હથેળીમાં રેખાના આવાં સરવાળા-બદબાકી કરવાથી કંઈ નસીબ પલટાતાં નથી. લલાટે લખ્યું હોય એ જ થાય એ વાસ્તવિકતા છે. અહીં ‘ઈશિતા’એ આ હસ્તરેખાનું પુરાણ એટલા માટે ઉખેળ્યું છે કે જાપાનમાં આજકાલ હથેળીની રેખા બદલીને નસીબવંતા બનવાનો એક સાવ નવો જ ટ્રેન્ડ શરૂ થઈ ગયો છે! જાપાનના સોશ્યલ મીડિયા પર પણ જબરો વાયરલ થઈ ગયેલા આ ટ્રેન્ડ અનુસાર ત્યાં એવા જ્યોતિષીઓ ફૂટી નીકળ્યા છે, જે કોઈ પણ પોતાનું નસીબ બદલવા તત્પર હોય એની હથેળી પરથી બુંદિયાળ લકીર દૂર કરીને જોઈતી લકીર-ભાગ્યશાળી રેખા ઉમેરી આપે છે! હથેળી પર હસ્તરેખાની આવી બાદબાકી અને સરવાળો કરીને પ્રારબ્ધ પલટાવી નાખવાની આ ‘રમત’ થાય છે કઈ રીતે? ‘ઈટ’સ વેરી સિમ્પલ’. જ્યોતિષીની સલાહ મુજબ હથેળીની અળખામણી રેખા દૂર કરી જોઈતી શુકનવંતી રેખા ઉમેરવાની પ્રક્રિયા ‘પામિસ્ટ્રી સર્જરી’ દ્વારા કરવામાં આવે છે! કોઈ નિષ્ણાત કોસ્મેટિક સર્જન દ્વારા હથેળી પર થતી આવી નાજુક શસ્ત્રક્રિયા કરવામાં આવે છે. આવો નસીબ પલટાવાનો ખર્ચ કેટલો? વેલ, આજકાલ જાપાનના યુવાનો અને શ્રીમંતોમાં આવી સર્જરી કરાવવાનો ક્રેઝ વધી રહ્યો છે. બાદબાકી અને ઉમેરો કરવાની લકીર દીઠ જ્યોતિષ - સર્જન 1000 /- ડોલર ચાર્જ કરે છે! અહીં સવાલ એ છે કે ભગવાને હથેળીમાં જન્મજાત અંકિત કરેલી રેખા દૂર કરી નવી ઉમેરવાથી પ્રારબ્ધ પલટાય છે ખરું?

આવી સર્જરીની સલાહ આપતા જ્યોતિષીઓ છાતી ઠોકીને ‘હા’ પાડે છે તો સર્જનો ચોખ્ખી ‘ના’ પાડે છે તો મનોચિકિત્સકો કહે છે : આવી કોસ્મેટિક સર્જરીથી જાતકનો આત્મવિશ્વાસ જરૂર વધે છે, જે કદાચ સારું પરિણામ પણ આપે! ●

આશિક કી ‘ઊંચી’ પસંદ

આપણામાં એક કહેવત છે : ‘મારવો તો મીર....’ એ જ રીતે, બીજી ઉક્તિ છે : ‘રાખવું તો ઊંચું નિશાન.. ન માફ નીચું નિશાન’ અને હજુ ત્રીજી કહેવત છે તમે કહેશો : ‘બસ, ઈશિતા.. આ તે શું માંડ્યું.. પેલા ટ્રમ્પના ટેરિફ પર ટેરિફની માફક તારું આ કહેવત પર કહેવત?’ વેલ, ‘ઈશિતા’ને અહીં વાત કરવી છે એક



એવા ધનવાન આરબ આશિકની, જે એની માશૂકા માટે ‘લવ કે લીયે સાલા કુછ ભી કરેગા..’ જેવા આક્રમક મૂડમાં હતો. આ ઘટના ગલ્ફના એક દેશ દુબઈની છે. આશિક યાની કે એક જુવાન આરબ એની પ્રેયસીને નાની-મોટી તો ઘણી કિંમતી ભેટ-સોગાત આપી ચૂક્યો હતો પણ હવે એ પોતાની મહેબૂબાને એવું કોઈ નજરાણું આપવા ઈચ્છતો હતો કે માશૂકા સહિત દુનિયા આખી છક થઈ જાય.. એણે બહુ વિચાર્યું: ‘આકાશના તારા તોડીને આપવાની વાત તો હવે જૂની લાગે. માણસ હવે મંગળ સુધી પહોંચવામાં છે. ડિઝલ-પેટ્રોલ તો દુબઈમાં પાણી કરતાં ય સસ્તું છે.. હીરા-પ્લેટિનમની ગિફ્ટ તો ક્યારની આપી ચૂક્યો.. હવે શું?’ બહુ મનોમંથન પછી આપણા મિસ્ટર પ્રેમીને એક એવી અજબ સોગાત મનમાં આવી કે જે અત્યંત અતિ મૂલ્યવાન હોવા ઉપરાંત કોઈ પ્રેમીએ ક્યારેય એની પ્રેમિકાને નહીં આપી હોય.જો કે એની સોગાત એવી હતી કે જે પેકેટમાં ગિફ્ટ રેપ ન થાય એટલે આ આશિકે એની ભેટ પોતાની માશૂકાને ઘેર જઈને હાથોહાથ-હોમ ડિલિવરી કરી.. એ અ-નોખી ગિફ્ટ હતી ઊંટનું એક નવજાત બચ્ચું ગલ્ફના દેશોમાં ઊંટનું ખાસ્સું મહત્ત્વ છે. એમાંય ઊંચી નસ્લના ઊંટ બહુ ઊંચા ભાવે વેચાય એટલે કોઈ એનું બચ્ચું વેચે નહીં માટે આ આપણા આશિક કુમાર એની માશૂકાબેબી માટે ઊંટનું નવજાત શિશુ ચોરીને લઈ આવ્યા હતા. હવે જે શ્રીમંતનું બેબી ઊંટ ગુમ થયું હતું એણે તો ગામ ગજાવ્યું. પોલીસ દોડવા માંડી. બાળ - ઊંટની ચોરીના સમાચાર છાપાં- ટીવીમાં એવા વાયરલ થઈ ગયા કે પેલું પ્રેમીયુગલ ગભરાયું : ‘ઊંટનું બચ્ચું કંઈ ડાયમન્ડનું નંગ નહોતું કે વીંટીમાં જડીને આંગળીમાં પહેરી લો એટલે કોઈને દેખાય નહીં... પ્રેમીયુગલ એવું ભયભીત થયું કે ઊંટના બચ્ચા સાથે સામેથી પોલીસના શરણે ગયું. ઈશ્કના ઉન્માદમાં કરેલી ચોરી સ્વીકારી લીધી ને કહ્યું : ‘ભાઈસા’બ, ભૂલ થઈ ગઈ!’ જેનું ઊંટનું બચ્ચું ચોરાયું હતું એ શ્રીમંતે પણ ખેલદિલી સાથે આશિક ચોરને માફી બક્ષી દીધી...●

ઈશિતાનું ઈત્યાદિ ઈત્યાદિ

» આમ તો આ મહાનગર એવી આમચી મુંબઈનો મોહ બહારના લોકોને એવો છે કે દૂરનાં નગર - ગામડાંથી અહીં નસીબ અજમાવવા આવે છે પરંતુ હમણાં હમણાં આ મહાનગરમાંથી જ બાળકો ગુમ થવાના કિસ્સામાં જબરો ઉછાળો આવ્યો છે. મુંબઈ પોલીસે જાહેર કરેલા આંકડા અનુસાર મહાનગરમાંથી દરરોજ સરેરાશ ચારથી પાંચ છોકરી ગાયબ થઈ રહી છે! છેલ્લા 10 મહિનામાં અહીં પોલીસ ચોપડે છોકરીનાં અપહરણ (કે પછી ગુમ) થવાની 1183 ફરિયાદ નોંધાઈ છે. અર્થાત દર દિવસે અહીંથી સરેરાશ ચારથી પાંચ બાળા લાપતા થઈ રહી છે. મુંબઈ પોલીસને શંકા છે કે આ ગુમ થયેલી બાળાઓને ગુજરાત - રાજસ્થાન કે પછી મધ્ય પ્રદેશ લઈ જઈને એમને લોહીના વેપાર કે ડ્રગ્સના ધંધામાં જોતરી દેવામાં આવે છે..

» જાતભાતની માછલીઓ તો દુનિયાભરમાં જોવા મળે પરંતુ દુનિયામાં માછલીઓની સૌથી વધુ વિભિન્ન જાતિ-પ્રજાતિઓ દક્ષિણ આફ્રિકાના લેક મહાવી નામના તળાવમાં જોવા મળે છે.●

* ઈશિતાની એલચી *

પુરુષ ભૂલી જઈને પણ માફ કરશે
પણ સ્ત્રી માફ કરીને ય ભૂલશે નહીં!